તા.:૦૯–૦૩–૨૦૧૬ ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ.

---

કામ નં.–૧.

વિષય:–વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૫–૨૦૧૬ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૩૧૧૩૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૮૫૧૮૮૨૦૮/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૫–૨૦૧૬ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૩૧૧૩૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૬૮૫૧૮૮૨૦૮/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨.

વિષય:– વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૧૫૮૪૨૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૯૮૪૬૫૦૦૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૧૫૮૪૨૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૯૮૪૬૫૦૦૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩.

વિષય:– વલસાડ નગરપાલિકાના શ્રી બાબુભાઈ ભાણાભાઈ પટેલ વિગેરે જુદા જુદા ખાતામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ નિવૃત થતાં હોય તેઓના નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના શ્રી બાબુભાઈ ભાણાભાઈ પટેલ વિગેરે નીચે જણાવેલ નામોવાળા જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓ, વયમર્યાદા કારણે નિવૃત્ત થતાં હોય / નિવૃત્ત થયેલ હોય ,તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે ચુકવણી કરવા અંગેની જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરી, નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટીરૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | બાબુભાઈ ભાણાભાઈ પટેલ | સેનીટરી | ૩૦–૪–૨૦૧૬ | ૫૮૧૦૪૮– | ૩૨૩૦૫૪– | ૮૦૪૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | બાબુભાઈ મણીલાલ પટેલ | સેનેટરી | ૩૦–૪–૨૦૧૬ | ૨૯૩૮૧૩– | ૨૦૨૯૪૯– | ૫૧૬૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | ફેન્સીબેનભંવરભાઈ વાલોદરા | સેનેટરી | ૩૧–૫–૨૦૧૬ | ૩૪૩૯૩૫– | ૨૦૫૮૯૯ | ૫૨૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | માતાપ્રસાદ મિશ્રીલાલ વિશ્વકર્મા | પ.વ.ડી. | ૧૩–૧૦–૨૦૧૫ | ૧૦૦૦૦૦૦ – | –––––– | ૭૮૯૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

<u>કામ નં.–૪.</u>

<u>વિષય:–</u> ગુ.હા.બોર્ડ ધ્વારા "મુખ્યમંત્રી ગૃહ યોજના " અંતર્ગત મોજે ભાગડાવડા–વલસાડ ખાતે હાથ ધરવામાં આવેલ એફોર્ડેબલ હાઉસીંગ યોજના માટે પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા અને સોલીડવેસ્ટ મેનેજમેન્ટની સવલતો પુરી પાડવા બાબતે..

<u>ઠ ર ા વ .:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પ્રથમ તબકકો પૂર્ણ કરવાનું આયોજન છે. સદર પ્રોજેકટ પૂર્ણ થયેથી આશરે ૧૩૦૦૦( તેર હજાર) જેટલાં રહીશો / વપરાશકારીઓ આવવાનાં છે. સદર કેમ્પસમાં ત્યાંના રહીશોને પીવાનું પાણી ૧.૯૫ એમ.એલ.ડી.નો સ્ટોરેજ અને ડ્રેનેજ લાઈનની સુવિધાની માંગણી કરતો પત્ર આવેલ છે.

પીવાના પાણી માટે જણાવવાનું કે, સદર કેમ્પસ નગરપાલિકાના હદ બહાર તીથલ રોડ પર આવેલ છે. તીથલ રોડ પર હાલે કલ્યાણબાગ તેમજ ડાઈરેકટ રાઈઝીંગ લાઈનનો ઉપયોગ કરી બુસ્ટર પંપથી પાણી આપવામાં આવે છે. ઘણો મોટો વિસ્તાર હોવાથી પુરતા પ્રેશરે પાણી ન મળવાની ફરીયાદો રહે છે. સદર કેમ્પસ તીથલ રોડના છેડા પર આવેલ છે. જેથી એકઝીસ્ટીંગ નગરપાલિકાની પાણી પુરવઠાની યોજનામાં કનેકશન આપી શકાય એમ નથી. વધુમાં સદર બાબતે જણાવવાનું કે, " પાણી પુરવઠા બોર્ડ " ની પીવાના પાણીની લાઈન સીવીલ હોસ્પીટલ સુધી આવેલ છે જેથી સદર કેમ્પસ માટે પીવાના પાણીનું આયોજન તેમાંથી કરી શકાય એમ છે.

ડ્રેનેજ લાઈન બાબતે જણાવવાનું કે, હાલે નગરપાલિકા સંચાલીત ૧.૨ એમ.એલ.ડી.નો ડ્રેનેજનો એસ.ટી.પી.પંપીગ સ્ટેશન છે. જેમાં " સી" ઝોનનું ડ્રેનેજનું પાણી આવે છે. હાલે નગરપાલિકાનો એકઝીસ્ટીંગ ૧.૨ એમ.એલ.ડી.નો પ્લાન્ટ ૭૨૯ ( સાતસો ઓગણત્રીસ ) ચોરસમીટરમાં આવેલ છે. કેમ્પસની જરૂરીયાત મુજબ તેઓને ૧.૯૫ એમ.એલ.ડી.ના કેપેસીટીના પ્લાન્ટની જરૂરીયાત છે. એમ કુલ નગરપાલિકાના ડ્રેનેજ કનેકશનો તેમજ સદર કેમ્પસના ડ્રેનેજ કનેકશનો સમાવેશ કરવા તથા ભવિષ્યને ધ્યાને લેતા ૫.૦એમ.એલ.ડી.કેપેસીટીના પ્લાન્ટ ની જરૂરીયાત છે. સદર પ્લાન્ટને બનાવવા માટેના અંદાજીત ખર્ચ જાણવા માટે " ક્રીષ્ના કન્સલટન્સી, આણંદ" ને અત્રેની કચેરીએથી જા.નં. ૧૦૫ / તા.:૦૧/૦૨/૨૦૧૬ ના રોજ પત્ર મોકલેલ છે. સદર પત્રનો જવાબ અત્રેની કચેરીએ આવક નં.૪૮૭૮ / તા.:૦૮/૦૨/૨૦૧૬ ના રોજ આવેલ છે. પત્રમાં જણાવ્યા મુજબ " ૫.૦ એમ.એલ.ડીનો સીકવન્શીયલ બેચ રીએકટર ટેકનોલોજી (એસ.બી.આર. ટેકનોલોજી )" એસ.ટી.પી.બનાવવા માટે ઓછામાં ઓછી ૪૦૦૦ (ચાર હજાર) ચોરસ મીટર જગ્યા તેમજ પાણી પુરવઠા બોર્ડના સને ૨૦૧૪–૧૫ ના એસ.ઓ.આર મુજબ અંદાજીત ખર્ચ રૂા.૮,૬૨,૨૫૦૦૦/– થવા જઈ રહેલ છે. નગરપાલિકા પાસે ૪૦૦૦ ચોરસ મીટર જેટલી જગ્યા ઉપલબ્ધ નથી જેથી સદર પ્લાન્ટને બનાવવા માટે, આપશ્રીની કચેરી ધ્વારા કેમ્પસની બાજુમાં આવેલ વાંકી નદીના કીનારા પાસેના વિસ્તારમાં ૪૦૦૦ ચોરસમીટર જેટલી જગ્યાનું આયોજન કરવા તેમજ અંદાજીત ખર્ચની રકમ જેટલી સરકારશ્રીની ગ્રાન્ટનું આયોજન કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૫.</u>

<u>વિષય:–</u> એલઈડી લાઈટનો કોન્ટ્રાક આપવા બાબત..

<u>ઠ ર ા વ .:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સદરહું કામે જી.યુ.ડી.સી. નો લેટર આવેલ હોય જે અંતર્ગત વધુ વિચારણા માટે આગામી કમીટીમાં જરૂરી નિર્ણય કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૬.</u>

<u>વિષયઃ–</u> ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સફાઈ કામગીરી, મજુરો આઉટ સોર્સીંગથી લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠ ર ા વ .:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાના તમામ ખાતાના રોજીંદા કર્મચારીઓ તા.:૨૨–૦૨–૨૦૧૬ ના રોજથી અમુદતી હડતાલ પર ગયેલ તેના કારણે અન્ય ખાતાની જેમ આરોગ્ય ખાતાની કામગીરીમાં પણ મુશ્કેલી ઉભી થયેલ છે. અને નાગરીકોને ખુબજ મુશ્કેલી પડતી આવેલ છે. આ હડતાલનો અંત કયારે આવશે તે નકકી નથી. તેવા સંજોગોમાં નાગરીકોને મળવાપાત્ર પ્રાથમીક સુવિધાઓ આપી શકાય તે માટે આઉટ સોર્સીંગથી સફાઈ કામગીરી, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સફાઈ કામગીરી, વિગેરે માટે મજુરો આઉટ સોર્સીંગથી લેવા અંગે ટેન્ડરીંગ કરી, જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૭.</u>

<u>વિષયઃ–</u> વોટર વર્કસ હેડવર્કસ આઉટ સોંસીગથી ચલાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠ ર ા વ .:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ હેડવર્કસ ,અબ્રામા ખાતે કલ્યાણ બાગ ટાંકી ખાતે આવેલ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તેમજ વાલિયા ખાતે અબ્રામા અને મોગરાવાડી માટેનું ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર ચલાવવા માટે ઈજનેરશ્રી વારીગૃહ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબની શરતો (૧) થી (૧૦) ને આધીન, દૈનિક પેપરમાં જાહેરાત આપીને આઉટ સોર્સીંગથી કામદારો લેવા અંગે ટેન્ડરો મંગાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૮.</u>

<u>વિષયઃ–</u> ડ્રેનેજની કામગીરી આઉટ સોર્સીંગથી કરાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠ ર ા વ .:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલીત પારડી સાંઢપોર ખાતે આવેલ ૧૧.૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા તીથલરોડ પર નગરપાલિકાની હદ પુરી થાય ત્યાં આવેલ ૧.૨ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા મીશન કોલોની, ડોંડીયા ટેકરા ગર્વમેન્ટ કોલોની પાસે તથા તરીયાવાડ ખાતે આવેલ પમ્પીંગ સ્ટેશનો ચલાવવા માટે ઈજનેરશ્રી, ડ્રેનેજ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબની શરતો (૧) થી (૧૦) ને આધીન, દૈનિક પેપરમાં જાહેરાત આપીને આઉટ સોર્સીંગથી કામદારો લેવા અંગે ટેન્ડરો મંગાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના દરેક શાખાઓની આવતી ફરીયાદો નોંધ કરવા માટે નગરપાલિકાના નામનો એક મોબાઈલ લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના દરેક શાખાઓની જુદી જુદી આવતી ફરીયાદોની નોંધ કરવા માટે એક સેન્ટ્રલાઈઝ મોબાઈલ નંબર રાખવાનું કે જેથી પ્રમુખશ્રી, ચીફઓફીસરશ્રી ઉપર સીધેસીધી નાગરીકોની ફરીયાદ ન આવે પરંતુ તે સેન્ટ્રલાઈઝ મોબાઈલ નંબર ઉપરજ ફરીયાદ આવે અને તે અંગેની જાહેરાત કે એડર્વટાઈઝ પોસ્ટરો કે હોડીગ્સ મારફતે જાહેરાત કરાવી , આવતી ફરીયાદોનું નિવારણ થાય. જે હકીકતોને ધ્યાને લઈ, ફરીયાદો રજીસ્ટ્રેશન કરવા માટે નગરપાલિકાના નામનો એક મોબાઈલ નંબર તથા લેન્ડલાઈન ફોન નંબર લેવા અંગે જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૦.

વિષય:– નગરપાલિકાના જુદા જુદા શાખાઓમાં જરૂરીયાત મુજબના સોફ્ટવેર અને હાર્ડવેર ખરીદ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠ ર ા વ .:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડ ધ્વારા સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે ઈ–ગર્વન્નસ પ્રોજેકટ હેઠળ આવરી વિવિધ શાખાઓમાં કોમ્પ્યુટરો મુકી કોમ્પ્યુટરાઈડ કામગીરી કરવામાં આવી રહી છે. તે પ્રમાણે સરકારશ્રીની સુચના પ્રમાણે સીવીક સેન્ટર બનાવવામાં આવેલ છે. સદરહુ સીવીક સેન્ટરમાં વિવિધ પ્રકારની સેવાઓ માટેની અરજીઓ આવતી હોય છે. સદરહું સેવાઓના નિકાલ થયા અંગેની જાણ અરજદારને થતી નથી. તેના કારણે તેઓ અવારનવાર અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી જાણકારી મેળવતા હોય છે. અને તેના કારણે તેઓનો સમય વેડફાવા અંગેની ફરીયાદો થતી હોય તેવા સંજોગોને ધ્યાને લઈ જો અરજદારની અરજીના નિકાલ થયા અંગેની જાણ અરજદારને તેઓના ફોન ઉપર એસ.એમ.એસ. ધ્વારા જો કરવામાં આવે તો ઘણી સુવિધાઓ નગરજનોને પુરી પાડી શકાય તે કરાવવા અર્થે સોફ્ટવેર તથા એસ.એમ.એસ.સીસ્ટમ નાખવાની જરૂરીયાત હોય આ અંગે સોફ્ટવેર ખરીદ કરવા ભાવપત્રકો મંગાવવામાં આવેલ હતા સદરહુ ભાવપત્રકોમાં મંગાવવામાં આવતાં વિનાયક કમ્પ્યુટર (સોફ્ટવેર માટે ) તેમજ ડી.સી. કોમ્પ્યુટર્સ (હાર્ડવેર) ભાવો નીચા આવેલ હોય સદરહુ ભાવોમાં નેગોશીએશન કરવા અર્થે તા.૧૯/૦૨/૨૦૧૬ થી પત્ર લખી નેગોશીએશન કરવા સંબંધેનો પત્ર અત્રેની કચેરીને મળેલ છે. જેને ધ્યાને લઈ તુલનાત્મક પત્રકમાં જણાવ્યા મુજબ મંજુર થયેલ નીચા ભાવો તેમજ નેગોશીયેશનમાં થયેલ , નેગોશીયેટ ભાવોને ધ્યાને લઈ, વિનાયક કોમ્પ્યુટર, ગણદેવીના મંજુર કરી, જરૂરીયાત મુજબ સોફ્ટવેર ખરીદ કરવાનું તેમજ સોફ્ટવેર ઈન્સ્ટોલ થઈ જાય, અને ૬– માસ વપરાશ થયા બાદ, પેમેન્ટની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

મે.ચેરમેનશ્રીની અનુમતીથી રજુ થતાં બીજા અન્ય વધારાનાં કામો..

---

વ.કા.નં.–૧

વિષય:– રોડ સ્વીપર મશીન ખરીદ કરવા અંગેના આવેલ ટેન્ડરના ભાવો મંજુર કરવા બાબત..





ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં સફાઈ કામે રોડ સ્વીપર મશીન ખરીદ કરવાના કામે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ કરાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–ર(બે) ટેન્ડરો આવેલ છે. સદર આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ટેન્ડરરશ્રી મારૂતી સેલ્સ કોર્પોરેશન,અમદાવાદનું ટેન્ડર રૂા. ૨૦,૭૫,૦૦૦/– જે અન્ય આવેલ ટેન્ડરના ભાવોથી સૌથી ઓછા આવેલ છે. સદરહુ ઓછા આવેલ ભાવનું ટેન્ડર મંજુર કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–ર</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના આરોગ્ય શાખામાં કાયમી વાલ્મિકી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ સોલંકીએ, તા.: ૧૩–૧૨–૨૦૧૫ ના રોજ તેમને હાર્ટ એટેક આવતાં વોકહાર્ટ હોસ્પિટલ્સ સુરત, ખાતે સારવાર કરાવેલ તેઓના ઓપરેશનના મેડીકલ રીએમ્બસમેન્ટનું બીલ રૂા.:૧,૨૪,૦૯૭/–થયેલ છે જેની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં કાયમી વાલ્મિકી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ સોલંકીને, તા.:૧૩–૧૨–૨૦૧૫ ના રોજ હાર્ટ એટેક આવતાં તાત્કાલીક સારવાર અર્થે વલસાડની કસ્તુરબા હોસ્પીટલમાં દાખલ થયેલ અને ત્યારબાદ સુરતની વોકહાર્ટ હોસ્પિટલ્સ ખાતે વધુ સારવાર અર્થે દાખલ થયેલ. અને સારવાર કરાવેલ તેઓના ઓપરેશનના મેડીકલ રીએમ્બેસમેન્ટનું બીલનો ખર્ચ રૂા.:૧,૨૪,૦૯૭/– અંકે રૂા.એક લાખ, ચોવીસ હજાર, સત્તાણુ થયેલ છે જેની ચુકવણી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ઉપરોકત આવેલ રીએમ્બેસમેન્ટ બીલ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર.

<u>વ.કા.નં.–૩</u>

<u>વિષયઃ–</u> શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ સીટી મ્યુઝીયમમાં રીસેપ્શન કાઉન્ટર રાખવા બાબત..

<u>ઠરાવઃ–</u>

નામદાર સરકારશ્રીની **SJMMSVY UDP-78( 2013-14)** વર્ષમાં એસ.ટી.ડેપોની સામે આવેલ રંગઉપવન શોપીંગ સેન્ટરના પ્રથમ માળે શ્રી મોરારજી દેસાઈ ડીઝીટલ સીટી મ્યુઝીયમ શહેરની આગવી ઓળખ માટે બનાવવામાં આવેલ છે. સદરહું સીટી મ્યુઝીયમ માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના વરદહસ્તે જુલાઈ માસમાં લોકાર્પણ કરી શહેરીજનો માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. સદરહું મ્યુઝીયમની અંદર આવનાર પ્રર્યટકો વિગેરે સીટી મ્યુઝીયમનો નજારો જોવામાં આવે ત્યારે નગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ નજીવી ફી વસુલ લઈ સીટી મ્યુઝીયમ બતાવવામાં આવે છે. સદરહુ કામે રીસેપ્શન કાઉન્ટર ઉપર મ્યુઝીયમની દેખરેખ તેમજ ટીકીટની વસુલાત લઈ નાણાં નગરપાલિકા કચેરીમાં જમા કરાવવા માટે શ્રી કેતલ ગીજેન્દ્રભાઈ પટેલ, ચણવઈ રોડ,વલસાડની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓ વિધવા હોવાથી તેઓને કુટુંબ ચલાવવા માટે તકલીફ પડતી હોય તે માટે સદરહુ રીસેપ્શન કાઉન્ટર ઉપર બેસવા માટે નોકરીની અરજી કરેલ છે. અને નગરપાલિકાને રીસેપ્શન કાઉન્ટર માટે જરૂરીયાત હોય સદરહુ આવેલ અરજીને ધ્યાને લઈ, ચર્ચા–વિચારણાના અંતે, કેતલ ગીજેન્દ્રભાઈ પટેલની રીસેપ્શન કાઉન્ટર પર નિમણુંક કરવાનું તેમજ તેઓને માસિક રૂા. ૫૦૦૦/– અંકે રૂા. પાંચ હજાર વેતન આપવાનું નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.